આરોપી સામે ઉપર જણાવ્યા મુજબના ગુનાનો આરોપ છે. આરોપી આજ રોજ નામદાર કોટ માં હાજર થતાં તેને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપીને ગુના બાબતે પુછતાં, આરોપીએ સ્વેચ્છાએ ગુનાનો ઈકરાર કરેલો છે. આરોપી આ કેસની શરૂઆપતના તબકકે, સ્વૈચ્છિક રીતે કોઈ પણ જાતના દબાણ સિવાય ગુનો કબુલ કરે છે અને ગુના બદલ પસ્તાવો જાહેર કરતાં હોઈ અને ભવિષ્યમાં આવો ગુનો નહીં કરે તેમ જણાવી પોતાની ઉપર દયા બતાવવા કોટ ને અરજ કરેલી છે ત્યારે આરોપીની સ્વૈચ્છિક ગુના કબૂલાત અને આરોપીના સંજોગોને ધ્યાનમાં રાખી દયા બતાવી ન્યાના હીતમાં હું નીચે મુજબનો હુકમ કરૂ છું.

**—:હુકમ:—**

આરોપીને સી.આર.પી.સી.ક.૨૫૨ અન્વયે ધી ઈ.પી.કો. કલમ૧૮૮, જીપીએકટની કલમ:૧૩૧, મુજબના શિક્ષાને પાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવી તેને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂપિયા ૨૦૦/—(અંકે રૂપીયા બસો પુરા) દંડની શિક્ષા કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન—૨(બે)ની સાદી કેદની શિક્ષા ભોગવવાની રહેશે.

હુકમ આજ તા.૮/૧૨/૧૮નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૮/૧૨/૧૮

મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૭, અમદાવાદ